RP WEB SOLUTIONS
Website For Everyone...
RP Web Solutions
Ronak Palan
Web Consultant
+91 84888 55506
rpwebsolutions2020@gmail.com

(ટેક્ષ સંલગ્ન તથા અન્ય મહત્વના સમાચાર પ્રસિદ્ધ કરતું માસિક)

# ટેક્ષ ટુડે

RNI No.GUJGUJ/2016/74805
Tax Today (Monthly)

ગુજરાતી પખવાડિક
કરવેરા સલાહકાર
સીધા અને આડકતરા કરવેરાની સાદી અને સરળ ભાષામાં માહિતી આપતું ગુજરાતી પખવાડિક
વાર્ષિક લવાજમ :-૩૩૯૫
સંપર્ક:-
પૂજા પબ્લિકેશન
મનિષ શાહ
૯૯૨૪૧ ૧૯૩૨૯

Post. Regn. No. G-JND/338/2020-2022. - Office of posting Una Post Office on 3rd Monday of Every Month
◆ વર્ષ: ૮, ◆ અંક: ૧, ◆ સળંગ અંક: ૮૫, ◆ તા.૧૯/૧૧/૨૦૨૩, શનિવાર, ◆ પાના-૪, ◆ છૂટક અંકની કિંમત રૂા.૨૦, ◆ વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- (કુરીયર સાથે રૂા.૩૦૦/-)
◆ તંત્રી-માલિક અને પ્રકાશક: ભવ્ય દિપકભાઇ પોપટ, ◆ પ્રકાશન સ્થળ: ૨૦૨-૨૦૩, ધ્રુવ કોમ્પ્લેક્ષ, પોલીસ લાઇન સામે, ઉના, જી.ગીર સોમનાથ-૩૬૨૫૬૦
◆ ફોન : ૦૨૮૭૫-૨૨૧૭૦૦, ફેક્સ: ૦૨૮૭૫-૨૨૧૭૦૦, મો. : ૯૯૨૪૧ ૨૧૭૦૦ ◆ મુદ્રણ સ્થળ : પ્રથમેશ ઓફસેટ, ગોંદરા ચોક, ઉના
e-mail: taxtodayuna@gmail.com ◆ e-mail: editor@taxtoday.co.in ◆ www.taxtoday.co.in

પ્રતિશ્રી,

# ૭ નવેમ્બરથી નવા જી.એસ.ટી. નંબર લેવા બની શકે છે વધુ મુશ્કેલ!!

## ૭ નવેમ્બરથી ગુજરાત રાજ્યમાં બાયોમેટ્રિક આધાર રજીસ્ટ્રેશન પ્રોસેસ બની જશે અમલી
## મીડિયમ તથા હાઈરિસ્ક ધરાવતા કરદાતાઓએ ખરાઈ કરવા જવું પડશે જી.એસ.ટી. ઓફિસ પર




તા. ૦૪.૧૧.૨૦૨૩ જી.એસ.ટી. લાગુ થયો છે ત્યારથી કરચોરીના કૌભાંડો મોટા પ્રમાણમા બહાર આવી રહ્યા છે. કરચોરી રોકવા સરકાર દ્વારા વિવિધ પગલાં ભરવામાં આવેલ છે. પરંતુ આ પ્રકારના કૌભાંડોને રોકવું શક્ય બન્યું નથી. હવે ૦૭ નવેમ્બરથી આ કરચોરી રોકવા વધુ એક નવો પ્રયાસ અમલી બનાવવામાં આવી રહ્યો છે. સમગ્ર રાજ્યમાં ''બાયોમેટ્રિક આધાર રજીસ્ટ્રેશન પ્રોસેસ'' શરૂ થવા જઇ રહી છે. ગુજરાત રાજ્યમાં પાઈલોટ પ્રોજેકટ તરીકે આ શરૂ કરવામાં આવી રહ્યું છે. જી.એસ.ટી. હેઠળ નવા નોંધણી દાખલા મેળવવા સામાન્ય રીતે હાલમાં કરદાતા દ્વારા કરવાની પ્રક્રિયાતો કરવાની જ રહેશે જ. આ પ્રક્રિયામાં જ્યારે કરદાતા આધાર ઓથેનટીકેશનનો વિકલ્પ પસંદ કરે છે તેઓ માટે બાયોમેટ્રિક આધાર રજીસ્ટ્રેશન પ્રોસેસ ના વિકલ્પ ઊભા થતાં હોય છે. આ પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ જી.એસ.ટી.એન. સિસ્ટમ દ્વારા કરદાતાનું ''રિસ્ક એનાલિસિસ'' કરવામાં આવશે. આ ''રિસ્ક એનાલિસિસ'' એટ્લે કરદાતાનું જી.એસ.ટી. ડિપાર્ટમેંટ માટે ખતરા અંગેનું આંકલન. જે કરદાતાને જી.એસ.ટી. સિસ્ટમ દ્વારા ''હાઈ કે મીડિયમ'' આંકલન તરીકે તારવવામાં આવશે ત્યારે આવા કરદાતાને ઇ મેઈલ દ્વારા એક લિન્ક મોકલવામાં આવશે. આ લિન્ક દ્વારા તેઓ નજીકના જી.એસ.ટી. સેવા કેન્દ્ર ઉપર રૂબરૂ જવાનો દિવસ તથા સમય નક્કી કરી પોતાની એપોઈંટમેંટ બુક કરી શકશે. જે કરદાતાનું રિસ્ક એનાલિસિસ ''લો રિસ્ક''માં હોય અથવા તો જે કરદાતા દ્વારા આધાર ઓથેનટીકેશન વિકલ્પમાં No રાખવામા આવ્યું હોય તેઓ માટે હાલ જે પદ્ધતિ અમલમાં છે તે મુજબ જ પ્રક્રિયા કરવાની રહેશે. કરદાતા કે જેઓને બાયોમેટ્રિક આધાર રજીસ્ટ્રેશન પ્રોસેસ માટે એપોઈંટમેંટ મળેલ હોય તેઓ દ્વારા નોંધણી મેળવવા જે પુરાવાઓ આપવામાં આવેલ છે તે તમામ અસલ પુરાવાઓ લઈ જી.એસ.ટી. સેવા કેન્દ્રમાં ઉપસ્થિત થવાનું રહેશે. જી.એસ.ટી. કેન્દ્રમાં આવા કરદાતાએ રૂબરૂ જ જવાનું રહેશે. ત્યાં કરદાતાના અંગૂઠા સાથે ફોટો લેવામાં આવશે. બાયોમેટ્રિક આધાર રજીસ્ટ્રેશન પ્રોસેસ પૂર્ણ કરશે ત્યારબાદજ નવા અરજી કરનાર કરદાતાને ARN એટ્લે કે નોંધણી દાખલા માટે અરજી કરી હોવાનો આધાર આપવામાં આવશે.

કરચોરી રોકવા શરૂ કારમાં આવેલ આ પદ્ધતિ કેટલા અંશે કરચોરી રોકશે તે તો આવનારો સમય જ કહી શકશે પરંતુ કરદાતાને જી.એસ.ટી. સેવા કેન્દ્રો ઉપર જવાના ધક્કા વધી જશે તે ચોક્કસ છે.

**ભવ્ય પોપટ, ટેક્સ ટુડે**

# ૨૦૦૦ની નોટ હજુ છે વૈધ...: પોસ્ટ ઓફિસ પર આ નોટો બદલવી શકશે સામાન્ય જનતા

## ૨૦૦૦ની નોટ સપ્ટેમ્બર સુધીમાં બેન્કમાં જમા કરાવવાની હતી જરૂરિયાત: ૨૦૦૦ની નોટો ભૂલથી રહી ગઈ હોય તેવા લોકો હતા ચિંતિત



તા. ૦૩.૧૧.૨૦૨૩ RBI દ્વારા ૩૦ સપ્ટેમ્બર સુધીમાં ૨૦૦૦ ની નોટો બેન્કમાં જમા કરાવવાની અથવા બદલી કરવાની થતી હતી. ઘણા લોકો આ ૨૦૦૦ ની નોટો બેન્કમાં જમા કરાવવા કે બદલાવવાનું ચૂકી ગયા હતા. આ કારણે લોકો ચિંતિત હતા. RBI દ્વારા ૦૧ નવેમ્બર ૨૦૨૩ ના રોજ પ્રેસ વિજ્ઞપ્તિ બહાર પાડી ખુલાસો કરવામાં આવ્યો છે કે ૨૦૦૦/-ની નોટ આજે પણ વૈધ ચલણ જ છે. કઈ વ્યક્તિ આ ૨૦૦૦ ની નોટ જમા કરાવવાનું ચૂકી ગયા હોય તો તેઓ દેશભારની RBIની ૧૯ બ્રાન્ચમાં આ નોટો જમા કરવી શકે છે. આ ઉપરાંત સામાન્ય જનતાની સગવડતા માટે દેશભરની પોસ્ટ ઓફિસોમાં પણ આ નોટો જમા કરાવવાની સગવડતા આપવામાં આવી છે. RBI દ્વારા એ પણ જાહેરાત કરવામાં આવી છે કે ૨૦૦૦ ની કુલ નોટો પૈકી લગભગ ૯૭% નોટો પરત થઈ ગઈ છે. આ ખુલાસા સાથે જ ઘણા લોકો જેમની પાસે આ નોટો રહી ગયેલ છે તેઓએ રાહતની લાગણી અનુભવી છે.

**ભવ્ય પોપટ, ટેક્સ ટુડે**

# વેટ સહિત જૂના કાયદાઓની વસૂલાત બાબતે માફી યોજના લાવવા ગુજરાત ચેમ્બરની નાણામંત્રીને રજૂઆત

## વેટ, સેન્ટરલ સેલ્સ ટેક્સ, એન્ટ્રી ટેક્સ જેવા જૂના કાયદાઓ હેઠળ માફી યોજના લાવવા ગુજરાત રાજ્યના નાણાંમંત્રી કનુભાઈ દેસાઈને રજૂઆત

તા. ૦૪.૧૧.૨૦૨૩ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ગુજરાતના નાણાંમંત્રી કનુભાઈ દેસાઈને વિગતવાર રજૂઆત કરી જી.એસ.ટી. લાગુ થયા પહેલાના ગુજરાત રાજ્યના જૂના કાયદાઓ ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ ૨૦૦૬ (વેટ કાયદો), કેન્દ્રિય વેચાણ વેરા અધિનિયમ ૧૯૫૬, ગુજરાત એન્ટ્રી ટેક્સ એક્ટ ૨૦૦૧ અંગે જૂના માંગણાં માટે માફી યોજના લાવવા માંગ કરવામાં આવી છે. મહારાષ્ટ્ર, રાજસ્થાન, તામિલનાડુ જેવા રાજ્યમાં લાવવામાં આવેલ વેરા માફી યોજના મુજબ વેપારીને અનુકૂળ હોય તેવી ઉદાર માફી યોજના લાવવા ખાસ રજૂઆત કરવામાં આવી છે. અગાઉ ગુજરાત રાજ્ય દ્વારા આ અંગે માફી યોજનાઓ લાવવામાં આવેલ છે. વાઈબ્રન્ટ ગુજરાત કાર્યેક્રમ જ્યારે ખૂબ નજીક હોય તથા ૨૦૨૪ માં લોકસભાની ચૂટણી પણ હોય કરદાતાઓને જૂના માંગણા બાબતે ઉદાર યોજના આપવામાં આવે તેવી માંગ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના ઈંડાયરેક્ટ ટેક્સ ટાસ્કફોર્સના ચેરમેન નયન શેઠ તથા તેમની ટિમ દ્વારા કરવામાં આવેલ છે.

**ભવ્ય પોપટ, ટેક્સ ટુડે**

# આકારણી આદેશ સામે અપીલ કરવાની મુદત ચૂકી ગયા હોય તેવા કરદાતા માટે એક ઉત્તમ તક!!

## જી.એસ.ટી. કાઉન્સીલની ૫૨મી મિટિંગમાં સરકારને કરવામાં આવેલ સૂચનને ધ્યાને લઈ અપીલ માટે ફરી તક આપવા અંગેની નોટિફિકેશન ૦૨ નવેમ્બરના રોજ બહાર પાડવામાં આવ્યું


તા. ૦૩.૧૧.૨૦૨૩ જી.એસ.ટી. લાગુ થયો છે ત્યારથી જી.એસ.ટી. ડિપાર્ટમેંટ દ્વારા કરદાતા વિરુદ્ધ અનેક આકારણી આદેશ પસાર કરવામાં આવ્યા છે. આ આદેશોમાં મોટા પ્રમાણમા માંગણૂ ઉપસ્થિતિ થયેલ હોવાના અહેવાલો અવારનવાર પ્રસિદ્ધ થયા છે. જી.એસ.ટી. કાયદા હેઠળ કોઈ પણ આદેશ સામે કરદાતા સામાન્ય રીતે ૯૦ દિવસમાં અપીલ કરી શકે છે. આ ઉપરાંત યોગ્ય કારણ હોય તો વધુ ૩૦ દિવસ ''ડીલે કોંડોનેશન'' સાથે કરદાતા અપીલ કરી શકે છે. આમ. કોઈ પણ આદેશ સામે કરદાતા દ્વારા વધુમાં વધુ ૧૨૦ દિવસમાં અપીલ કરી દાખલ કરી આપવાની થતી હોય છે. એવા અનેક કરદાતાઓ છે કે જેઓ આ સમય મર્યાદામાં અપીલ કરવાનું ચૂકી ગયા હતા. આ પૈકી અનેક કરદાતાઓ દ્વારા હાઈકોર્ટ તથા ત્યારબાદ સુપ્રીમ કોર્ટમાં સમય મર્યાદા બાદ અપીલ સ્વીકારવા દાદ માંગવામાં આવી હતી. માનનીય સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા તથા વિવિધ કેસોમાં માનનીય ઉચ્ચ ન્યાયાલયો દ્વારા એવું ઠરાવવામાં આવ્યું હતું કે જ્યારે અપીલ કરવા માટે કાયદા હેઠળ ''ડીલે કોંડોનેશન'' માટે પણ મહત્તમ મર્યાદા સૂચવવામાં આવેલ હોય ત્યારે કોર્ટ આ મર્યાદામાં વધારો કરી શકે નહીં. આ કારણે અનેક કરદાતાઓ પરેશાન થઈ રહ્યા હતા.

જી.એસ.ટી. કાઉન્સીલની ૫૨ મી બેઠકમાં સરકારને એવું સૂચન કરવામાં આવ્યું હતું કે અપીલ કરવાની તક ચૂકી ગયા હોય તેવા કરદાતાઓને અપીલ કરવા ફરી એક તક આપવામાં આવે. કાઉન્સીલનું આ સૂચનને સ્વીકારી સેન્ટરલ બોર્ડ ઓફ ઈંડાયરેક્ટ ટેકસીસ એન્ડ કસ્ટમ્સ એટલેકે CBIC દ્વારા ૦૨ નવેમ્બરના રોજ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ જાહેરનામા ૫૩/૨૦૨૩ મુજબ જે કરદાતાઓ સામે માંગણૂ ઉપસ્થિત કરતો આદેશ ૩૧ માર્ચ ૨૦૨૩ કે તે પહેલા પસાર કરવામાં આવ્યા હોય અને જે કરદાતાઓ આ આદેશ સામે અપીલ કરવાનું ચૂકી ગયા હોય તેઓ ૩૧ જાન્યુઆરી ૨૦૨૪ સુધીમાં આ આદેશ સામે અપીલ દાખલ કરી શકશે. આ જાહેરનામામાં એ પણ સ્પષ્ટતા કરવામાં આવેલ છે કે કરદાતા દ્વારા અગાઉ કોઈ આદેશ સામે અપીલ દાખલ કરવામાં આવેલ હોય અને આ અપીલ માત્ર સમયમર્યાદાના કારણસર નામંજૂર કરવામાં આવેલ હોય તેવા કરદાતા પણ આ યોજનાનો લાભ લઈ ફરી અપીલ દાખલ કરી શકે છે. આ ઉપરાંત આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે ત્યારે જે આપીલો અપીલ અધિકારી સમક્ષ પડતર હોય

**૩૧ માર્ચ ૨૦૨૩ સુધીના આકારણી આદેશો માટે મળશે લાભ. ૩૧ જાન્યુઆરી ૨૦૨૪ સુધીમાં કરવાની રહેશે અપીલ**

(અનુસંધાન બીજા પાને)






Best resort for Corporate events, Staff Tours etc. nr Diu

Flamingo Club & Resort

Why Flamingo is best for Corporate events??

- Nearly 40% of cost then similar hotels of Diu.
- 12% GST Credit available as situated in Gujarat.
- Facilities of Banquets and Party lawns.
- Special Suite rooms for top management.
- Best resort for family and group entertainment
- Pure Veg Restaurant
- Best in class amenities
- Water Sports facility support
- No burden of Liquor on corporates.

Diu Calling!!!

Amenities

- Swimming pool
- Mini Theatre*
- Gym & Indoor Sports
- Party Lawn
- Banquet
- Children Play Area

Contact: 9737021700 GM /9624121700 Front Desk
e mail: contact@flamingoclubresort.com, www.flamingoclubresort.com
Delwada Diu Road, Naliya Mandvi Ta Una. 362520

# Happy Birthday Demonetization!!!

# શું ફરી થવી જોઈએ નોટબંધી???



## ૮ નવેમ્બરના રોજ નોટબંધીની ૭મી વર્ષગાંઠ હતી !!

મોદી સરકારના સૌથી મહત્વકાંક્ષી પગલાં તરીકે નોટબંધીને જોવામાં આવે છે. નોટબંધીના કારણે જમીની સ્તરે શું ફાયદો થયો કે શું નુકસાન થયું તે અંગે તો પાછલા સાત વર્ષમાં અનેક ચર્ચાઓ થઈ છે. છેલ્લા બે વર્ષથી ફૂલછાબની આ કર સમિક્ષા કટારમાં આ અંગે મારા દ્વારા પણ બે લેખ લખવામાં આવ્યા છે. પણ આજે સાતમા વર્ષે આ અંગે થોડી અલગ ચર્ચા કરીએ. આજે આપણે એ મુદ્દા ઉપર ચર્ચા કરીએ કે દેશને ''કેશ લેસ ઈકોનોમી'' તરફ લઈ જવા શું ફરી નોટબંધી જેવા પગલાં લેવા જોઈએ? કે પછી નોટબંધીની તકલીફો ધ્યાને લઈ આ પ્રકારના કોઈ પગલાં લેવાથી સરકારે દૂર રહેવું જોઈએ??

**નોટબંધી જેવા પ્રયોગો સમયાંતરે થાય તે જરૂરી:**

મારા અંગત મતે નોટબંધી જેવા પ્રયોગો સાતત્યપૂર્ણ રીતે સમયાંતરે થતાં રહે તે જરૂરી છે. આ પ્રકારના પગલાં સરકાર દ્વારા સાતત્યપૂર્ણ રીતે લેવામાં આવતા હોય ત્યારે કરચોરી કરતાં લોકોના મનમાં ડર હમેશા ઊભો રહેશે. આ ડરના કારણે વધુને વધુ ટેક્સ ભરવાં તેઓને પ્રેરણા મળશે. આવીજ રીતે કાળાનાણાંના જોરે થતી અન્ય આપરાધીક ગતિવિધિઓ પણ અટકાવવામાં નોટબંધી જેવા પગલાં અસરકારક થઈ શકે છે.

**૨૦૧૬ની નોટબંધીમાં દરમ્યાન લોકોને પડેલ વ્યાવહારિક મુશ્કેલીઓ ધ્યાને લઈ જમીનીસ્તરે વધુ આયોજનબદ્ધ અમલ જરૂરી:**

ગત નોટબંધી દરમ્યાન સામાન્ય લોકોને નોટ બદલવા, ખાતામાં રકમ જમા કરાવવા વગેરે જેવી અનેક બાબતોમાં ખૂબ તકલીફો પડી હતી. ઘણા વર્ષ બાદ નોટબંધી જેવુ આક્રામક પગલું લેવમાં આવ્યું હોય આ તકલીફો પડી તે સમજી શકાય તેવી બાબત છે. પણ હવે સરકારી તંત્ર ૨૦૧૬ની નોટબંધીમાં પડેલ તકલીફોથી શીખ લઈ વધુ તૈયારી સાથે આ નોટબંધી જેવા પગલાં લે તે પણ ખૂબ જરૂરી છે.

**નોટબંધી દરમ્યાન કોઈ એક ચોક્કસ મૂલ્યની નોટોને હટાવી શકાય છે ચલણમાંથી!!**

પાછલી નોટબંધી દરમ્યાન ૫૦૦ તથા ૧૦૦૦ ની નોટોને લીગલ ટેન્ડરમાંથી હટાવવા નિર્ણય કરવામાં આવ્યો હતો. આ બન્ને નોટો મળીને ભારતીય અર્થતંત્રમાં ફરી રહેલી ખૂબ મોટા પ્રમાણમા નોટો ચલણમાંથી બહાર કાઢવામાં આવી હતી. આ કારણે ખૂબ મોટા પ્રમાણમા લોકો ઉપર તેની અસર થઈ હતી. આ અનુભવ ઉપરથી એવું કરી શકાય કે કોઈ એક જ મોટા મૂલ્યની નોટ ચલણમાંથી હટાવવામાં આવે. આ કારણે ઓછા લોકો આ પગલાંથી પ્રભાવિત થાય અને અર્થતંત્રમાં પણ આ પગલાંના કારણે ઓછું કંપન અનુભવવામાં આવે. આ ઉપરાંત નોટબંધી દ્વારા બંધ થઈ રહેલ નોટો જમા કરાવવા કે બદલવા વધુ સમય લોકોને આપવામાં આવે તે પણ જરૂરી છે.

**ઈન્કમ ટેક્સ કાયદાની હાલની અમુક ભયાવહ જોગવાઈમાં પણ ફેરફાર કરવા છે જરૂરી!!**

ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ નોટબંધી લાગુ કરવામાં આવી ત્યારે ટેક્સના વિશિષ્ટ દરો લાગુ કરવામાં આવ્યા હતા. આ દરોના કારણે કોઈ પણ રકમની વૈધતા સાબિત કરવામાં કરદાતા નિષ્ફળ જાય તો તેની ઉપર લગભગ જેટલી રકમ તે વૈધ સાબિત કરવામાં નિષ્ફળ નીવડે તેટલી કે તેનાથી પણ વધુ રકમની જવાબદારી આવતી હોય છે. આ જોગવાઈના કારણે અનેક પ્રમાણિક કરદાતાઓએ પણ ખૂબ મોટી તકલીફો સહન કરી હોવાના અનેક દાખલા છે. ૨૦૧૬ ની નોટબંધી વખતે આ વિશિષ્ટ દરો એ કારણે લાગુ કરવામાં આવ્યા હતા કે આ નોટબંધીની જાહેરાત થઈ તે પહેલા કરદાતા મતે કાળાનાણાંની સ્વૈચ્છીક ઘોષણા કરવા અંગેની યોજના લાવવામાં આવી હતી. આ યોજના હેઠળ સ્વૈચ્છીક રીતે જાહેર કરવામાં આવતી રકમના દર કરતાં સરકાર દ્વારા પકડવામાં આવતી કરચોરીના દરો ઊંચા હોવા જોઈએ. આ જ કારણે ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ આ ઊંચા દરો લાગુ કરવામાં આવ્યા હતા. આજે નોટબંધી પૂર્ણ થયાને ૭ વર્ષ જેવો સમય પસાર થઈ ગયો છે આમ છતાં આ ખાસ પરિસ્થિતીને પહોચી વળવા લાગુ કરવામાં આવેલ ઊંચા દરો આજે સામાન્ય પરિસ્થિતીમાં પણ લાગુ છે. નોટબંધી વખતે લાગુ કરવામાં આવેલ વિશિષ્ટ ઊંચા દરોમાં ઘટાડો કરવો ખૂબ જરૂરી છે.

નોટબંધીને વધુ આકરી ના બનાવતા એક સામાન્ય પ્રક્રિયા બનાવવામાં આવે જે કારણે કરચોરી પણ રોકી શકાય અને લોકોમાં ખોટો ભય ના ફેલાય.

**શું ફરી નોટબંધી કરવી છે જરૂરી?? શું કહે છે ટેક્સ નિષ્ણાંતો:**

આ બાબતે વાત કરતાં સૌરાષ્ટ્રના જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દિવ્યેશ સોઢા જણાવે છે કે ''મારા મતે ૨૦૧૬ માં કરવામાં આવેલ નોટબંધી ને હું તો નથી પૂર્ણ રીતે સફળ માનતો ના તો હું સંપૂર્ણ રીતે નોટબંધીને અસફળ ગણું છું. પણ લાંબાગાળે ''કેશ ઈકોનોમી''માંથી ''કેશલેસ'' ઈકોનોમી તરફ લઈ જવા મહત્વનુ પગલું ગણી શકાય. આપણે સૌ અનુભવી શકીએ છીએ કે નોટબંધી બાદ UPI, ક્રેડિટ-ડેબિટ કાર્ડ જેવા માધ્યમોનો ઉપયોગ ખૂબ વધી ગયો છે. લોકો પોતાની સાથે રોકડ રકમ ઓછી સાથે રાખી રહ્યા છે. આગળ જતાં એવું પણ બની શકે છે કે લોકો ડિજિટલ વોલેટનો ઉપયોગ કરવામાં એટલા ટેવાઇ જશે કે રોકડમાં રકમ બજારમાં ફરતી ઓછી થઈ જશે. આમ થતાં ચોક્કસ સમય લાગશે પણ આ થવું ચોક્કસ શક્ય છે. ડિજિટલ વોલેટનો ઉપયોગ જોતાં જ ૨૦૦૦ની નોટો સર્ક્યુલેશનમાંથી બહાર કરી નાંખવામાં આવેલ છે. આ પ્રકારના RBIના પગલાં નોટબંધી કરતાં વધુ કારગર સાબિત થાય તેવું હું માનું છે. આમ, મારા મતે ફરી નોટબંધી જેવા કડક પગલાંની જરૂર નથી પણ અન્ય સાતત્યપૂર્ણ પગલાં દ્વારા ''લેસ કેસ ઈકોનોમી'' તરફ આગળ વધવું જોઈએ.''

૨૦૧૬ માં લાગુ કરવામાં આવેલ નોટબંધીના કારણે લોકોએ હાલાકી ભોગવી એ બાબત નકારી શકાય નહીં. પણ આજે સાત વર્ષ બાદ ડિજિટલ ઈકોનોમી વિષે વાત કરીએ તો તેમાં ખૂબ મોટા પ્રમાણમા પ્રગતિ થઈ છે તે બાબત પણ નકારી શકાય નહીં. નોટબંધી જેવા પગલાં અમુક વર્ષોમાં એકાદ વાર લેવામાં આવે કે નાના નાના પણ મક્કમ પગલાં દ્વારા ભારત ''લેસ કેસ'' ઈકોનોમી બનાવવા પ્રયાસ કરવામાં આવે તે જરૂરી છે.

**(આ લેખ જાણીતા ગુજરાતી દૈનિક ફૂલછાબની વ્યપારભૂમિ પૂર્તિમાં તા. ૦૭.૧૧.૨૦૨૩ ના રોજ પ્રકાશિત થયેલ છે . )**

# ગિફ્ટ આપવા તથા લેવા અંગે ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ શું જોગવાઈ છે તે જાણવી છે જરૂરી

ભારતીય સમાજ વ્યવસ્થા વિશ્વની સમાજ વ્યવસ્થાઓમાં ખૂબ આગવું સ્થાન ધરાવે છે. આપણી સમાજ વ્યવસ્થામાં પ્રસંગોપાત, સબંધોમાં ગિફ્ટ આપવાની પ્રથા સામાન્ય છે. શું આ ગિફ્ટ આપવામાં આવે અથવા ગિફ્ટ મેળવવામાં આવી હોય તેના ઉપર ટેક્સની જવાબદારી આવે તેવો પ્રશ્ન એક ટેક્સ પ્રોફેશનલને તેઓના અસીલ દ્વારા અવારનવાર પુછ્વામાં આવતો હોય છે. આજે આ લેખમાં ગિફ્ટ ઉપર વ્યાવહારિક માર્ગદર્શન આપવા પ્રયાસ કરવામાં આવ્યો છે.

**શું ગિફ્ટ આપનાર ઉપર ઈન્કમ ટેક્સની કોઈ જવાબદારી આવે?**

ના, ઈન્કમ ટેક્સએ વ્યક્તિને થતી આવક ઉપર લાગતો ટેક્સ છે. ગિફ્ટ ચૂકવનાર ઉપર ઈન્કમ ટેક્સની કોઈ જવાબદારી આવે નહીં.

**શું ગિફ્ટ મેળવનાર ઉપર ઈન્કમ ટેક્સની જવાબદારી આવે?**

હા, ગિફ્ટ મેળવનાર ઉપર ઈન્કમ ટેક્સની જવાબદારી સામાન્ય સંજોગમાં ઉપસ્થિત થતી હોય છે. પરંતુ અમુક ખાસ સંજોગોમાં ગિફ્ટ મેળવનાર ઉપર પણ ઈન્કમ ટેક્સની કોઈ જવાબદારી આવતી હોતી નથી. આ ખાસ સંજોગો વિષે નીચે માહિતી આપવામાં આવેલ છે.

**૫૦૦૦૦/- સુધીની ગિફ્ટ ઉપર ગિફ્ટ મેળવનાર ઉપર પણ ના લાગુ પડે કોઈ ઈન્કમ ટેક્સ:**

ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ કોઈ એક નાણાકીય વર્ષમાં ૫૦૦૦૦ (પચાસ હજાર) સુધીની કુલ ગિફ્ટ મેળવવામાં આવેલ હોય તેવા સંજોગોમાં ગિફ્ટ મેળવનાર ઉપર ઈન્કમ ટેક્સ ભરવાની કોઈ જવાબદારી લાગુ પડે નહીં. આ ૫૦૦૦૦/- ની મર્યાદા નાણાકીય વર્ષ પ્રમાણે ગણવામાં આવે છે. આમ, કોઈ ૦૧ એપ્રિલ થી ૩૧ માર્ચ સુધી કોઈ પણ વ્યક્તિને કોઈ પણ વ્યક્તિ પાસેથી મળેલ કુલ ગિફ્ટ ૫૦૦૦૦/- સુધીની હોય તો તેઓની ઈન્કમ ટેક્સ ભરવા અંગે કોઈ જવાબદારી આવે નહીં. અલબત એ બાબત યાદ રાખવી જરૂરી છે કે કોઈ વ્યક્તિ દ્વારા એક નાણાકીય વર્ષમાં ૫૦૦૦૦/- ઉપર ગિફ્ટ મેળવવામાં આવેલ હોય તો આ સંપૂર્ણ રકમ ઈન્કમ ટેક્સને પાત્ર બની જાય છે. બીજા શબ્દોમાં કહીએતો ૫૦૦૦૦/- થી વધુની કુલ રકમ કોઈ વ્યક્તિને બક્ષિસ તરીકે મળેલ હોય તો ગિફ્ટ સંબધિત કોઈ કપાત બાદ મળે નહીં.

**ક્યાં સંજોગોમાં ૫૦૦૦૦ ઉપરની ગિફ્ટ ઉપર ના લાગુ પડે ઈન્કમ ટેક્સ?**

નીચેના સંજોગોમાં ગિફ્ટ મેળવનાર ઉપર ઈન્કમ ટેક્સની જવાબદારી લાગુ પડે નહીં.

૧. વ્યક્તિને નિયત સબંધી પાસેથી મળેલ ગિફ્ટ
૨. વ્યક્તિને લગ્ન સંબધિત મળેલ ગિફ્ટ
૩. ''વિલ'' કે વસિયત હેઠળ મળેલ રકમ અથવા મિલ્કત




**વ્યક્તિને ક્યાં સબંધીઓ પાસેથી મળેલ ગિફ્ટ ઉપર ઈન્કમ ટેક્સ ભરવાની જવાબદારી લાગુ પડે નહીં?**

ગિફ્ટ મેળવનાર વ્યક્તિને નીચેના સગા-સબંધીઓ પાસેથી મળેલ ગિફ્ટ ઉપટ ટેક્સ ભરવાની જવાબદારી લાગુ પડે નહીં.

- વ્યક્તિના જીવનસાથી
- વ્યક્તિના પોતાના ભાઈ કે બહેન
- વ્યક્તિના જીવનસાથીના ભાઈ કે બહેન
- વ્યક્તિના માતા-પિતા
- વ્યક્તિના માતા પિતાના ભાઈ કે બહેન
- વ્યક્તિના સીધી લીટીના પૂર્વજો તથા વંશજો
- વ્યક્તિના જીવનસાથીના સીધી લીટીના પૂર્વજો કે વંશજો

આમ, ઉપર નિયત કરેલ સગા સબંધીઓ પાસેથી વ્યક્તિને કોઈ રકમ કે મિલકત ગિફ્ટ તરીકે મળે તો ગિફ્ટ મેળવનાર તરીકે ઈન્કમ ટેક્સ ભરવાની કોઈ જવાબદારી આવે નહીં. પરંતુ ગિફ્ટના વ્યવહાર કરતાં પૂર્વે ગિફ્ટ આપનાર સબંધી ઉપર જણાવેલ યાદીમાં આવે છે કે નહીં તે અંગે ખાત્રિ કરી લેવી જરૂરી છે.

**કોઈ વ્યક્તિ કેટલી રકમની ગિફ્ટ કરી શકે?**

આ પ્રશ્ન પણ ટેક્સ પ્રોફેશનલને અવાર નવાર પુછ્વામાં આવતો હોય છે. આ બાબતે ધ્યાન રાખવાની એ બાબત છે કે કોઈ વ્યક્તિ કેટલી રકમની કે મૂલ્યની ગિફ્ટ આપી શકે તે અંગે કોઈ બાધ રહેલ નથી. કોઈ પણ વ્યક્તિ પોતાના આર્થિક ક્ષમતા મુજબ ગિફ્ટ આપી શકે છે. સરળ ભાષામાં કહીએ તો ગિફ્ટ આપનાર પાસે જેટલી રકમની સગવડતા હોય તેટલી રકમની તેઓ ગિફ્ટ આપી શકે છે. ગિફ્ટ અંગે વ્યવસ્થિત આયોજન કરવા ટેક્સ પ્રોફેશનલની સલાહ લેવી ચોક્કસ હિતાવહ છે.

**રોકડમાં કેટલી રકમ સુધીની ગિફ્ટ આપી શકાય?**

આ પ્રશ્ન પણ એક ટેક્સ પ્રોફેશનલ્સ તરીકે અવાર નવાર પુછ્વામાં આવતો હોય છે. મારા મત પ્રમાણે કોઈ પણ વ્યક્તિ ૧૯૯૯૯૯/- સુધીની ગિફ્ટ રોકડમાં લઈ શકે છે. આ ઉપરની ગિફ્ટ લેવામાં આવે તો ગિફ્ટ લેનારને ઈન્કમ ટેક્સ કાયદાની કલમ 269ST હેઠળ ગિફ્ટ જેટલી જ રકમનો જ દંડ થઈ શકે છે. આ ઉપરાંત એ બાબત પણ સમજવી જરૂરી છેકે શક્ય હોય ત્યાં સુધી રોકડમાં ગિફ્ટ ના લેવી હિતાવહ છે.

**શું જમીન-મિલ્કત જેવી સ્થાવર મિલ્કતની ગિફ્ટ સંદર્ભે પણ આ જ નિયમ લાગુ પડે?**

હા, સ્થાવર મિલ્કત સંદર્ભે ગિફ્ટના ઉપરના નિયમો લગભગ સમાન રીતે લાગુ પડે છે. આ ઉપરાંત જમીન-મકાન જેવી મિલ્કતો જેના તબદીલ દસ્તાવેજનું રજીસ્ટ્રેશન કરવાનું થતું હોય ત્યારે રાજ્ય સરકારની જંત્રી મૂલ્યથી ૫૦૦૦૦થી વધુના તફાવત હોય તો આ તફાવતની રકમને વેચનાર દ્વારા ખરીદનારને ગિફ્ટ આપવામાં આવેલ છે તેમ માની લેવામાં આવશે તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. આમ, મિલ્કત ખરીદનાર દ્વારા પણ કોઈ સ્થાવર મિલ્કત સંદર્ભે દસ્તાવેજ જંત્રી મૂલ્યથી ઓછો ના થાય તે અંગે તકેદારી રાખવી ખાસ જરૂરી છે.

ગિફ્ટના વ્યવસ્થિત આયોજન દ્વારા સારું આયોજન શક્ય છે. આ બાબતે ટેક્સ પ્રોફેશનલનું માર્ગદર્શ્ન લેવું ચોક્કસ હિતાવહ છે.

**(આ લેખ જાણીતા ગુજરાતી દૈનિક ફૂલછાબની વ્યાપારભૂમિ પૂર્તિમાં તા. ૩૦.૧૦.૨૦૨૩ના રોજ પ્રકાશિત થયેલ છે.)**

# મુસાફિર હું યારો: દીવ હેરિટેજ વોક



**By Kaushal Parekh**

એવું કહેવાય છે કે કોઈપણ દેશનો સાચો વિકાસ ત્યારેજ શક્ય થાય છે જ્યારે તેના ઈતિહાસ અને સંસ્કૃતિને લગતી તમામ ધરોહરો અને અમુલ્ય વારસાની યોગ્ય જાળવણી કરવામાં આવે. દીવ શહેર પણ આવોજ સમૃદ્ધ વારસો ધરાવે છે જે તેના ભવ્ય ભૂતકાળની વાત કરે છે. આપણા પૂર્વજોએ સદીઓથી આપણો સાંસ્કૃતિક અને સ્મારક વારસો સાચવ્યો છે અને આપણે પણ આ પરંપરા જાળવી રાખવી જોઈએ. દીવ શહેરનો ઈતિહાસ જોઈએ તો તેના ઉપર સદીઓથી હિન્દુ, મુસ્લિમ, પોર્ટુગીસ શાસકોનો કબ્જો રહ્યો હતો જેના લીધે અહીં વસતાં લોકોની જીવનશૈલી, સંસ્કૃતિ, મકાનો, ભાષા, પહેરવેશ અને રીતિ-રિવાજોમાં તેની વિશેષ ઝલક જોવા મળે છે અને આ જ વારસો અહીના લોકોની સાચી ઓળખ છે.

હાલ, દીવ સ્માર્ટ સિટી દ્વારા દેશ-વિદેશના પ્રવાસીઓને આકર્ષવા અને તેઓને દીવના ભવ્ય ઈતિહાસ અને સંસ્કૃતિ વિશેની સચોટ માહિતીથી અવગત કરાવવાનાં પ્રયાસ રૂપે 'દીવ હેરિટેજ વોક'નો પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. દીવ પ્રશાસનનો આ પ્રયાસ ખૂબજ સરાહનીય છે અને મારૂ માનવું છે કે આવતાં વર્ષોમાં આ પ્રોજેક્ટ થકી દીવ પર્યટન ક્ષેત્રે એક મોટી ક્રાંતિ લાવી શકાય એમ છે.

આ હેરિટેજ વોક દિવના ઈતિહાસને નજદીકથી જાણવાનું સુંદર માધ્યમ છે. જે પ્રવાસીઓએ આ વોક્નો અનુભવ લીધો છે તે દરેકે આ પ્રયાસને ખુબજ વખાણિયો છે. તેમાંથી મોટાભાગના પ્રવાસીઓનું કહેવું હતું કે આ પહેલાં તેઓ અનેકવાર દીવની મુલાકાતે આવ્યા હતાં પરંતુ આ હેરિટેજ વોક દ્વારા હવે તેમનો દીવને જોવાનો નજરીયો સંપૂર્ણપણે બદલાઈ ગયો છે. દીવ આવતાં પ્રવાસીઓ માટે હાલ નીચે મુજબની ૩ હેરિટેજ વોક ઉપલબ્ધ છે.

**હવેલી ક્વાટર્સ હેરિટેજ વોક (૨ કલાક):** આ વોકમાં પ્રવાસીઓને દીવ શહેરના મુખ્ય દરવાજાથી (ઝાંપાગેટ) શહેરની સાંકળી ગલીઓમાં થઈને શહેરના હાર્દ સમા પંચવટી વિસ્તાર સુધી ચાલીને લઈ જવામાં આવે છે. આ હેરિટેજ વોક દ્વારા આ વિસ્તારમાં આવેલ નગર શેઠ હવેલી, શેઠ મગનલાલ જમનદાસ હવેલી, મહાલક્ષ્મી મંદિર તેમજ અન્ય ઈમારતોના બાંધકામમાં જોવા મળતી ઈન્ડો-પોર્ટુગીસ શૈલીનો પ્રભાવ, પૌરાણિક સોમનાથ મંદિર (જે જમીનથી ૪૦ફૂટ નીચે આવેલ છે), વેપાર, રીતિ-રિવાજો, સંસ્કૃતિ જેવા અનેક વિષયોને લગતી આશ્ચર્યચકીત કરતી માહિતીઓ મળે છે. આજે પણ આ વિસ્તારમાં ઘણાં દુકાનદારો છેલ્લી ૪ પેઢીથી પોતાનો પરંપરાગત હેંડીક્રાફ્ટનો વ્યવસાય ચલાવી રહ્યા છે.

**દીવ ફોર્ટ હેરિટેજ વોક (૧ કલાક):** આ હેરિટેજ વોકમાં પ્રવાસીઓને દીવ કિલ્લાના ગેટથી લઈને લાઈટ હાઉસ સુધી ચાલીને અથવા ગોલ્ફ કાર્ટ દ્વારા લઈ જવામાં આવે છે. અહીં તેઓને દીવ કિલ્લાની રચના, બુર્જ, તોપખાના, પાણીકોઠા તેમજ દીવ કિલ્લાના ઈતિહાસ અને ઘટનાઓ વિષે સંપૂર્ણ માહિતીઓથી જાગૃત કરવામાં આવે છે. કેવી ચાલાકી વાપરીને પોર્ટુગીસ ગવર્નરે દીવ કિલ્લાનું નિર્માણ કર્યુ તેમજ કિલ્લાની અંદરના ભાગમાં આવેલ ભૂમિગત સુરંગો વિશેની રસપ્રદ વાતો પ્રવાસીઓમાં ભારે કુતૂહલ જગાડે છે.

**ફિરંગીવાડા હેરીટેજ વોક (૧ કલાક):** આ હેરિટેજ વોકમાં પ્રવાસીઓને ખોજા ઝફર મેમોરિયલ, રૂમી ખાન મેમોરિયલ, પોર્ટુગીસ રહેણાંક કોલોની વિસ્તાર, શહિદ સ્મારક, INS ખુખરી વોર શિપ, ગવર્નર પેલેસ, સેંટ પોલ ચર્ચ, સેંટ થોમસ ચર્ચની મુલાકાતની સાથે તેની સાથે જોડાયેલ ઐતિહાસિક ઘટનાઓથી વાકેફ કરવામાં આવે છે. પોર્ટુગીસ શાસન હેઠળ દીવ શહેર સન ૧૫૩૫થી લઈને સન ૧૯૬૧ સુધી એટ્લેકે અંદાજે ૪૨૬ વર્ષ તેમના કબજામાં રહ્યું હતું. આ ત્રણેય વોક દ્વારા પ્રવાસીઓને ઈતિહાસને લગતી ઘણી મહત્વની અને રસપ્રદ માહિતીઓ જાણવા મળે છે.



મારી દરેક વાંચકોને અપીલ છે કે જ્યારે પણ આપ એકલા કે પરિવાર સાથે જો કોઈ ઐતિહાસિક શહેરની મુલાકાતે જતાં હો અને ત્યાં હેરિટેજ વોક ઉપલબ્ધ હોય તો ખાસ આ સુવિધાનો અચૂક લાભ લ્યો જેથી સાચા ઈતિહાસને જાણી શકાય ઉપરાંત તે વિસ્તારના ઐતિહાસિક સ્મારકો, ઈમારતો અને સંસ્કૃતિના સંવર્ધન કરવામાં પ્રત્યક્ષ નહીં તો પરોક્ષ રીતે ભાગીદાર બની શકાય. આપણાં આ નાનકડા યોગદાન થકી ભાવિ પેઢીને એક અમુલ્ય વારસાની ભેટ અવશ્ય આપી શકાય એમ છે.

જો આપ દીવ હેરિટેજ વોકનો લાભ લેવા માંગતા હોવ અને તેનું બુકિંગ કરાવા ઈચ્છતા હોય અથવાતો તેના વિશેની કોઈ માહિતી જોઈતી હોયતો તેની વેબસાઈટ https://makeithappen.co.in/diu-heritage-walk/ ઉપર તેની તમામ માહિતીઓ આપને મળી રહેશે.

**(લેખક દીવ ખાતે રહે છે અને પ્રવાસ શોખીન છે. તેઓ વ્યવસાયે એકાઉન્ટન્ટ તરીકે પ્રેક્ટિસ કરે છે)**

## ઉત્તર ગુજરાત ચોર્યાસી પ્રજાપતિ કેળવણી મંડળ દ્વારા ઈનામ વિતરણ



ઉત્તર ગુજરાત ચોર્યાસી પ્રજાપતિ કેળવણી મંડળ દ્વારા રવિવારે ૪૦ મો ઈનામ વિતરણ અને સ્નેહમિલન સમારોહ યોજવામાં આવ્યા હતા. જેમાં મહેસાણાના ટેક્ષ એડવોકેટ હર્ષદકુમાર વસંતલાલ ઓઝાનું સામાજિક ક્ષેત્રે ડિજિટલ સોશિયલ સર્વિસ વિશિષ્ટ યોગદાન અંતર્ગત શાલ ઓઢાડી, પુરસ્કાર એનાયત કરી બહુમાન કરાયું હતું.

(અનુસંધાન પાના ૧થી શરૂ)

## આકારણી આદેશ સામે અપીલ...

તે અપીલ પણ આ જાહેરનામા હેઠળ છે તેમ માની લેવાનું રહેશે. પરંતુ આ પડતર અપીલ ધરાવતા કરદાતાઓ તથા આ યોજનાનો લાભ લઈ નવી અપીલ દાખલ કરતાં કરદાતાઓ એ આ યોજના હેઠળ ''પ્રિ ડિપોઝિટ'' તરીકે વિવાદિત વેરાના ૧૦% ના બદલે ૧૨.૫% રકમ ભરવાની રહેશે. આ ૧૨.૫ ટકા રકમ પૈકી ઓછામાં ઓછી ૨૦% રકમ રોકડ સ્વરૂપે ભરવાની રહેશે. આ ''પ્રિ ડિપોઝીટ''ની મહત્તમ રકમ આ યોજના હેઠળ ૨૫ કરોડની રહેશે. અપીલનો નિકાલ ના થાય ત્યાં સુધીમાં કરદાતાને અગાઉ ભરેલ કોઈ રકમનું રિફંડ ચૂકવવામાં આવશે નહીં. આ યોજનાનો લાભ માંગણૂ ઉપસ્થિત થયેલ છે તે અંગેની આપીલો માટે જ લાગુ પડશે. જી.એસ.ટી. નોંધણી નંબર રદ્દ થયો હોય તેવા આદેશને કે રિફંડ નામંજૂર કરતાં આદેશને આ જાહેરનામા હેઠળની યોજનાનો લાભ મળશે નહીં.

અપીલ માટેની આ યોજનાના કારણે અનેક કરદાતાઓને લાભ થશે તે ચોક્કસ છે. આ યોજનાનો લાભ નોંધણી આદેશ રદ્દની આપીલો સહિત અન્ય આપીલોને પણ આપવામાં આવ્યો હોય તો વધુ અસરકારક રીતે કરદાતાઓને રાહત મળે તેમ હતી. આ ઉપરાંત ૩૧ માર્ચ ૨૦૨૩ પછી પસાર કરવામાં આવેલ આદેશો પૈકી પણ અમુક આદેશો સામે અપીલ કરવાની સમયમર્યાદા જતી રહી છે. આવા કેસોને પણ આ યોજનાનો લાભ આપવામાં આવે તેવી માંગણી ઉઠી રહી છે.

**ભવ્ય પોપટ, ટેક્સ ટુડે**

(આ અખબાર પ્રકાશિત કરવામાં શક્ય તેટલી કાળજી લેવામાં આવેલ છે. છતાં આ લેખનાં વિચારો લેખકોના અંગત મંતવ્યો પર આધાર રાખે છે. ટેક્ષ ટુડે માલિક અથવા તંત્રી આ અંગે કોઈ રીતે જવાબદાર રહેતા નથી.)

# ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવાની છેલ્લી તારીખ ૩૧ ડિસેમ્બર છે નજીક!! શું તમે ભર્યું તમારું ઈન્કમ ટેક્સ રિટર્ન???

## ૩૧ ડિસેમ્બર પછી કરદાતાઓ નહીં માંગી શકે રિફંડ!!!

**તા. ૨૦.૧૧.૨૦૨૩**

ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવાની છેલ્લી તારીખ ખૂબ નજીક છે. ૩૧ ડિસેમ્બર સુધીમાં ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવામાં ના આવે તો નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩નું ઈન્કમ ટેક્સ રિટર્ન કરદાતા ભરી શકે નહીં. અલબત્ત ઈન્કમ ટેક્સ હેઠળ નવી લાગુ કરવામાં આવેલ અપડેટેડ રિટર્ન યોજના મુજબ કરદાતા ઈન્કમ ટેક્સ રિટર્ન ૩૧ ડિસેમ્બર બાદ પણ લેઈટ ફી સાથે ભરી શકે છે. પરંતુ જે કરદાતાઓના ખાતામાં TDS કપાત થયેલ છે તેઓ માટે આ અપડેટેડ રિટર્ન દ્વારા રિફંડ મેળવવું શક્ય બનશે નહીં. આમ, કરદાતાઓ ૩૧ ડિસેમ્બરની મુદત સુધીમાં ઈન્કમ ટેક્સ રિટર્ન ભરી આપે તે આવકાર્ય છે.

### આ કરદાતાઓ માટે ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવું છે ફરજિયાત!!

ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ અમુક વ્યક્તિઓ તથા અમુક સંજોગોમાં ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવું ફરજિયાત રહેતું હોય છે. વ્યક્તિગત કરદાતા તથા HUF કરદાતાની આવક જો કરપાત્ર મર્યાદાથી વધુ હોય તો તેવા સંજોગોમાં જ તેમના માટે ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવું ફરજિયાત બની રહેતું હોય છે. આવી રીતે અમુક ખાસ નિયત કરેલ ટ્રસ્ટને છોડતા, અન્ય ટ્રસ્ટ માટે કરપાત્રથી મર્યાદાથી વધુ આવક હોય તો જ રિટર્ન ભરવું ફરજિયાત બની જતું હોય છે. જ્યારે વ્યક્તિ, HUF કે ટ્રસ્ટ સિવાયના કરદાતા જેવા કે ભાગીદારી પેઢી, લિમિટેડ લાયાબિલિટી પાર્ટનરશિપ (LLP) તથા કંપની માટે આવક હોય કે ના હોય ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવું ફરજિયાત હોય છે. વ્યક્તિગત તથા HUF કરદાતા જેઓ માટે ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવું ફરજિયાત નથી તેઓએ પણ મરજિયાત રીતે ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવું જોઈએ તેવું નિષ્ણાંતોનો એક ચોક્કસ વર્ગ માની રહ્યો છે.

### ખાસ સંજોગોમાં ઈન્કમ ટેક્સ રિટર્ન બને ફરજિયાત

ઈન્કમ ટેક્સ હેઠળ અમુક ખાસ સંજોગોમાં ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવું ફરજિયાત બનાવવામાં આવ્યું હોય છે. નીચેના સંજોગોમાં અમક મુક્તિ મર્યાદાથી ઓછી હોવા છતાં ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવું ફરજિયાત બની જાય છે.

- વિદેશમાં કોઈ મિલ્કત ધરાવતા હોય ત્યારે,
- ભારત બહાર કોઈ બેન્ક એકાઉન્ટમાં સહી કરવાની સત્તા હોય ત્યારે,
- એક કે તેથી વધુ કરંટ ખાતામાં ૧ કરોડથી વધુ રકમ બેન્ક ખાતામાં જમા કરવવામાં આવી હોય ત્યારે,
- બે લાખથી વધુ ખર્ચ વિદેશ પ્રવાસ પાછળ કરવામાં આવ્યો હોય તેવા સંજોગોમાં
- એક લાખથી વધુ ઈલેક્ટ્રીક બિલની વર્ષ દરમ્યાન ચુકવણી કરવામાં આવી હોય ત્યારે,

### ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવાના ફાયદા




#### લોન લેવામાં ઈન્કમ ટેક્સ રિટર્નની ઉપયોગિતા

જ્યારે કોઈ વ્યક્તિ ઘર, ગાડી કે અન્ય કોઈ પણ લોન લેવા કોઈ બેન્ક પાસે જાય ત્યારે આ ઈન્કમ ટેક્સ રિટર્ન અતિ ઉપયોગી સાબિત થતું હોય છે. સામાન્ય રીતે બેન્કમાં ત્રણ વર્ષના રિટર્ન માંગવામાં આવતા હોય છે. આ માટેનું મુખ્ય કારણ એ છે કે કરદાતાના ત્રણ વર્ષના આવક ઉપરથી સરેરાશ આવક નક્કી કરી શકાય. આમ, જો નિયમિત રિટર્ન ભરવામાં આવે તો આ પ્રકારે બેન્ક લોન લેવામાં ઈન્કમ ટેક્સ રિટર્ન ખૂબ ઉપયોગી બને છે. હાલ, માત્ર એક નાણાકીય વર્ષનું રિટર્ન જ ઈન્કમ ટેક્સ પોર્ટલ ઉપર ભરી શકાય છે. હાલ કરદાતા માત્ર નાણાકીય વર્ષ ૨૦૨૨ ૨૩ નાણાકીય વર્ષના રિટર્ન ભરી શકે છે. એક થી વધુ રિટર્ન એક સાથે ભરી શકાય તેમ ના હોય આ બાબતે યોગ્ય આયોજન કરી સમયસર રિટર્ન ભરવામાં આવે તે ખૂબ જરૂરી છે. કરદાતા પાસે ૦૧.૦૪.૨૦૨૨ થી જૂના વર્ષોના ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવા અપડેટેડ રિટર્નનો વિકલ્પ ચોક્કસ રહેલ છે. પરંતુ એક સાથે ભરવામાં આવેલ ત્રણ રિટર્નને લોનની ગણતરી માટે બેન્ક દ્વારા માન્યતા આપવામાં આવે છે કે કેમ તે જે તે બેન્કની લોન પોલિસી પર આધાર રાખશે.

#### મૂડી ઊભી કરવાંમાં ઈન્કમ ટેક્સ રિટર્નની ઉપયોગિતા

ઈન્કમ ટેક્સ રિટર્ન નિયમિત ભરવામાં આવે તો વ્યક્તિ સારી એવી મૂડી ઊભી કરી શકે છે. આ મૂડી માંથી તેઓ પોતાની જરૂરિયાત પ્રમાણે મિલ્કત ખરીદીમાં, વિવિધ રોકાણ કરવામાં, વિદેશ પ્રવાસો માટે કે અન્ય કોઈ પણ હેતુ માટે ઉપયોગ કરી શકે છે. આમ, નિષ્ણાંતો માને છે કે દરેક પુખ્ત વયના સભ્યો માટે ઈન્કમ ટેક્સ રિટર્ન નિયમિત ભરવું જોઈએ.

#### વિદેશાગમન માટે આવકના પુરાવા તરીકે મહત્વનો પુરાવો

વ્યક્તિ પોતે પોતાના પરિવાર માટે જ્યારે વિદેશ ફરવા કે અભ્યાસ કરવા જવા માટે વિઝા માટે અરજી કરે ત્યારે ઈન્કમ ટેક્સ રિટર્ન મહત્વનો પુરાવો સાબિત થતું હોય છે. વ્યક્તિની આવક બાબતે સૌથી વધુ સ્વીકાર્ય પુરાવા તરીકે ઈન્કમ ટેક્સ રિટર્નને માનવમાં આવે છે. વ્યવસ્થિત આયોજન કરીને ભરવામાં આવેલ ઈન્કમ ટેક્સ રિટર્નના કારણે વિઝાની વિધિ સરળતાથી તથા વધુ સકારાત્મક રીતે પૂરી થઈ શકે છે.

#### અન્ય ફાયદાઓ

ઈન્કમ ટેક્સ રિટર્ન ઘણી જગ્યાએ એડ્રેસ પ્રૂફ તરીકે પણ ઉપયોગી બનતા હોય છે. આ ઉપરાંત ઈન્સ્યોરન્સ લેવામાં, ઈન્સ્યોરન્સ ક્લેમમાં પણ ઈન્કમ ટેક્સ રિટર્ન ઉપયોગી થતાં હોય છે. કરદાતાના અકસ્માત સમયે વળતર મેળવવા પણ આ ઈન્કમ ટેક્સ રિટર્ન ઉપયોગી સાબિત થતાં હોય છે. જે વ્યક્તિનો ટેક્સ કોઈ અન્ય વ્યક્તિ દ્વારા કાપવામાં આવ્યો હોય તેઓ ઈન્કમ ટેક્સ રિટર્ન ભરી આ કપાયેલ ટેક્સનું રિફંડ મેળવી શકે છે.

ઈન્કમ ટેક્સ કાયદાની કલમ ૧૩૯ હેઠળ ક્યાં કરદાતાએ ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવું ફરજિયાત છે તે નિર્દિષ્ટ કરવામાં આવેલ છે. આ જ કલમ હેઠળ કરદાતાએ કેટલા સમય સુધી ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવાનું રહે તે અંગે પણ સમય મર્યાદા સૂચિત કરવામાં આવેલ છે. વર્ષો પહેલા કોઈ કરદાતા ત્રણ વર્ષ સુધી ઈન્કમ ટેક્સ રિટર્ન ભરી શકતા હતા. ત્યારબાદ આ રિટર્ન ભરવાનો સમયગાળો ઘટાડી બે વર્ષ કરવામાં આવ્યો હતો. આ મર્યાદામાં ફરી ઘટાડો કરી હાલ કરદાતાને માત્ર એક વર્ષના ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવાની પરવાનગી આપવામાં આવે છે. હા, ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ ૦૧.૦૪.૨૦૨૨ થી લાગુ કરાયેલ નવી જોગવાઈ પ્રમાણે કરદાતા જે તે આકારણી વર્ષના ૨૪ મહિનાની અંદર ઈન્કમ ટેક્સ હેઠળ અપડેટેડ રિટર્ન ભરી શકે છે. જો કે આ અપડેટેડ રિટર્ન ભરવાની અમુક શરતોનું પાલન કરવાનું રહે છે. પણ આ શરતોને આધીન ફરી ત્રણ વર્ષના રિટર્ન કરદાતા ભરી શકે છે. આ અપડેટેડ રિટર્નની નવી જોગવાઈઓનો લાભ પણ કરદાતા લઈ શકે છે.

# GST ઓડીટ અન્વયે પેનલ્ટીની જવાબદારી લાગુ પડે???




By Jignesh Vyas,
Tax Advocate, Junagadh

સામાન્ય સજોગોમા GST ઓડીટ અન્વયે કોઈ પણ ભરવા પાત્ર ટેક્ષની જવાબદારી જણાવવામાં આવે છે ત્યારે ઓડીટ ઓથોરીટી દ્વારા Sec. ૭૩ (૯) અથવા ૭૪ (૫) અન્વયે ભરવાપાત્ર ટેક્ષની રકમ ઉપરાંત પેનલ્ટીની રકમ ભરવા માટેનો આગ્રહ રાખી ઓડીટ પૂર્ણ કરવામાં આવે છે. શું ઓડીટ અધિકારી દ્વારા આગ્રહ રાખી શકાય છે? અથવા તો શું ઓડીટ અધિકારી પેનલ્ટી ભરવા માટે જણાવી શકે? આ પ્રશ્નોનાં જવાબ માટે ઓડીટ સ્કીમને સમજીએ:

CGST કાયદાની ૬૫(૭) અનુસાર જ્યારે ઓડીટના પરિણામો એવું દર્શાવતા હોય કે કોઈ ટેક્ષ નથી ભરાયો, ઓછો ભરવામાં આવ્યો છે, કોઈ રિફંડ ખોટી રીતે અપાઈ ગયેલ હોય ત્યારે પ્રોપર ઓફિસર જ્યભ. ૭૩ અથવા Sec. ૭૪ અન્વયે કાર્યવાહી કરી શકશે. આમ ઓડીટ અધિકારી દ્વારા ADT-02 દ્વારા ગણતરી કરવામાં આવેલી ડિમાન્ડ ફાઈનલ ડિમાન્ડ નથી. તેમજ ADT-02ની ગણતરી વેપારી માટે કોઈ વેરાકીય જવાબદારી ઉભી કરતી નથી. પરંતુ જો ઓડીટ અધિકારીના રિપોર્ટ આધારે પ્રોપર ઓફિસર દ્વારા Sec. 73 અથવા Sec. 74 અન્વયે કોઈ નોટિસ આપવામાં આવે ત્યારબાદ વેપારીશ્રી ને રજુઆતની પૂરતી તક આપી તેમને સાંભળ્યા બાદ જે આદેશ કરવામાં આવે તે આદેશમાં જો પેનલ્ટી લગાડવામાં આવે ત્યારે તે પેનલ્ટી ઈમ્પોસ થયેલી ગણાય.

પરંતુ ઓડીટ અધિકારીશ્રી દ્વારા ઘણી વખત ધ્યાન દોરવામાં આવેલી ટેક્ષ ની રકમ ઉપરાંત વ્યાજ તેમજ દંડની રકમ ભરાવવાનો આગ્રહ રાખવામાં આવે છે. જે સદંતર કાયદા વિરુદ્ધ છે તેવો મારો મત છે. CGST કાયદાની ૭૩(૬) અનુસાર કરદાતા દ્વારા નોટિસ મળ્યા પહેલા ભરવાપાત્ર ટેક્ષ તેમજ વ્યાજ જો ભરવાપાત્ર થતું હોય તો ભરીને અધિકારીશ્રીને જાણ કરવામાં આવે તો Sec. 73(6) પ્રમાણે કોઈ નોટિસ જ ઈશ્યુ કરવાની જ રહેતી નથી. તેમજ ૭૩(૮) પ્રમાણે નોટિસ થયાના ૩૦ દિવસની અંદર ટેક્ષ+વ્યાજ સહિતની કોઈ રકમ ભરી દેવામાં આવે તો પણ કોઈ પેનલ્ટી કરવાની રહેતી નથી. જ્યારે કરદાતા દ્વારા રજૂ કરવામાં આવેલા રેકર્ડ ઉપરથી ભરવાપાત્ર ટેક્ષની ડિમાન્ડ નીકળે ત્યારે Sec. 74 હેઠળ ફ્રોડ, જાણી બૂઝી ને કરવામાં આવેલું ખોટું સ્ટેટમેન્ટ અથવા કોઈ વિગત છુપાયેલી છે તેમ કહી શકાય નહીં.

આમ ઉપરોક્ત કાયદાકીય જોગવાઈ તપાસતા ઓડીટ અધિકારી દ્વારા ધ્યાન દોરવામાં આવેલા કોઈ મુદ્દા અન્વયે ઓડીટ દરમિયાન ટેક્ષ ભરવા સહમત થવાના સંજોગોમાં કોઈ પેનલ્ટી ભરવા પાત્ર થાય નહીં તેવો મારો દ્રઢ મત છે.

**(લેખક જુનાગઢ ખાતે ઈન્કમ ટેક્સ–જી.એસ.ટી. ની પ્રેક્ટિસ કરે છે)**

# ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ રોકડ વ્યવહારોના નિયમો જાણો અને દંડથી બચો!! (ભાગ ૨)

**૧૬.૧૦.૨૦૨૩**

ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ અમુક વ્યવહારો રોકડમાં કરવા પ્રતિબંધિત કરવામાં આવ્યા છે. આ પ્રકારે રોકડ વ્યવહારો ઉપર પ્રતિબંધ લાગુ કરવાનો મુખ્ય હેતુ લોકોને કાળા નાણાંની હેરફેરથી બચાવવાનો રહેલો છે. ક્યારેક જાણી જોઈને તો ક્યારેક અજાણતા આ પ્રકારના વ્યવહારો વ્યક્તિ દ્વારા થઈ જતાં હોય છે જેની ગંભીર કિંમત ચૂકવવી પડતી હોય છે. આ પ્રકારના વર્જિત વ્યવહારો વિષે આ લેખમાં માહિતી અંગેનો લેખાંક ૧ તારીખ ૦૯.૧૦.૨૦૨૩ ના રોજ વ્યાપારભૂમિમાં પ્રસિદ્ધ થયેલ છે. આ લેખમાં આ શૃંખલાનો લેખાંક નંબર ૨ આપવામાં આવેલ છે. ગતાંકમાં રોકડ વ્યવહારોને બે ભાગમાં વિભાજિત કરવામાં આવ્યા હતા.

૧. ધંધાકીય એકમ માટે પ્રતિબંધિત રોકડ વ્યવહારો
૨. તમામ વ્યક્તિઓ માટે પ્રતિબંધિત રોકડ વ્યવહારો

આ વ્યવહારોમાં ધંધાકિયા એકમ દ્વારા રોકડમાં કરવામાં આવતા ધંધાકીય ખર્ચ, તથા તમામ વ્યક્તિઓ દ્વારા મેળવવામાં અથવા ચૂકવવામાં આવતી લોન, ડિપોઝિટ કે અન્ય રકમને પ્રતિબંધિત કરવામાં આવેલ છે.

આ લેખમાં આજે પણ તમામ વ્યક્તિઓ માટે પ્રતિબંધિત રોકડ વ્યવહાર વિષે માહિતી આપવા પ્રાયાસ કરવામાં આવ્યો છે. ઈન્કમ ટેક્સ કાયદાની કલમ 269ST હેઠળ તમામ પ્રકારના કરદાતાઓ માટે રોકડ અંગેની મર્યાદાઓ સૂચવવામાં આવેલ છે. આ કલમ મુજબ કોઈ પણ વ્યક્તિ દ્વારા રોકડ સ્વરૂપે કેટલી રકમ સ્વીકારી શકે તે અંગેની મર્યાદા સૂચવવામાં આવેલ છે.

ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ કોઈ પણ વ્યક્તિ કોઈ પણ વ્યવહાર પેટે બે લાખ કે તેથી વધુ રકમ એકાઉન્ટ પેયી ચેક દ્વારા, કે ઈલેક્ટ્રોનિક બેંકિંગ દ્વારા, RTGS સિવાય સ્વીકારી શકશે નહીં. અન્ય શબ્દોમાં કહીએ તો કોઈ પણ કરદાતા ૧૯૯૯૯૯/- એટ્લેકે એક લાખ નવ હજાર નવસો નવ્વાણુથી વધુ રકમ રોકડ તરીકે સ્વીકારી શકે નહીં.

આ ૨ લાખની મર્યાદા ગણવામાં નીચેના વ્યવહારોનો સમાવેશ થાય છે.

૧. એક વ્યક્તિ પાસેથી એકજ દિવસમાં સ્વીકારવામાં આવેલ રકમ,
૨. કોઈ એક વ્યવહાર પેટે સ્વીકારવામાં આવેલ રકમ, ભલે તે રકમ અલગ અલગ દિવસે સ્વીકારવામાં આવેલ હોય,




૩. કોઈ એક પ્રસંગ કે સમારંભ માટે સ્વીકારવામાં આવેલ રકમ.

ઉદાહરણ દ્વારા ઉપરનો નિયમ સમજવા પ્રયત્ન કરીએ:

શ્રી અમદાવાદી દ્વારા પોતાના માલના વેચાણ પેટે શ્રી સુરતી પાસેથી ૨ લાખ રૂપિયા રોકડમાં લેવામાં આવે તો શ્રી, અમદાવાદી દ્વારા આ કલમનો ભંગ કર્યો ગણાય. આ ભંગ ઉપર પેટે પોઈન્ટ નંબર ૧ નો ભંગ ગણાય.

આવી રીતે શ્રી અમદાવાદી દ્વારા એક બિલ કે જે ૨,૫૦,૦૦૦/- (બે લાખ પચાસ હજાર)નું છે, તેના પેટે તારીખ ૦૧.૧૦.૨૦૨૩ ના રોજ ૧,૮૦,૦૦૦/- (એક લાખ એંસી હજાર)ની રકમ સ્વીકારેલ છે અને બાકીની ૭૦૦૦૦/- ની રકમ તેઓ દ્વારા ૦૩.૧૦.૨૦૨૩ના રોજ સ્વીકારવામાં આવેલ છે. આ કિસ્સામાં શ્રી અમદાવાદી દ્વારા સ્વીકારવામાં આવેલ બન્ને રકમ ૨૦૦૦૦૦/- બે લાખથી ઓછી છે, પરંતુ આ રકમ શ્રી અમદાવાદીએ એકજ વ્યવહાર એટ્લે કે એક જ બિલ પેટે સ્વીકારવામાં આવેલ હોય, ઉપર જણાવેલ પોઈન્ટ ૨ નો ભંગ થયો ગણાય.

હવે ત્રીજું ઉદાહરણ જોઈએ શ્રી અમદાવાદી એક કેટરિંગ કોન્ટ્રાકટર છે. તેઓ દ્વારા તેઓ દ્વારા શ્રી સુરતીના દીકરીના લગ્ન પ્રસંગે સવારનો નાસ્તો, બપોરનું જમવાનું તથા રાતનું જમવાનું એ તમામનો કોન્ટ્રાક્ટ રાખેલ છે. શ્રી અમદાવાદી સવારના નાસ્તાનું બિલ ૫૦૦૦૦/- અલગ બનાવે છે, બપોરે જમવાનું બિલ ૧૫૦૦૦૦/- અલગ બનાવે છે અને રાતના જમવાનું બિલ ૧૫૦૦૦૦/- પણ અલગ બનાવે છે. આમ, અલગ અલગ બિલ હોવા છતાં, આ તમામ બિલો એક જ પ્રસંગ પૈકીના હોવાથી શ્રી અમદાવાદી દ્વારા લેવામાં આવેલ રકમ ૨૦૦૦૦૦/- કે તેથી ઉપર હોય તેઓ દ્વારા ઉપર જણાવેલ પોઈન્ટ નંબર ૩ નો ભંગ કર્યો ગણાય.

લોન, ડિપોઝિટ કે મિલ્કતના એડ્વાન્સ સંદર્ભે લેવામાં આવતી રકમને ૧૯૯૯૯૯/- (એક લાખ નૌવાનું હજાર નવસો નવાણું લાખ) નહીં પરંતુ ૧૯૯૯૯/- (ઓગણીસ હજાર નવ સો નવ્વાણુ)ની મર્યાદા જ પડશે લાગુ:

આ તકે એ બાબતે જાણવી જરૂરી છે લોન, ડિપોઝિટ કે મિલ્કત પેટે લેવામાં આવતા એડ્વાન્સ કે જે બાબતે ઈન્કમ ટેક્સની કલમ 269SS લાગુ પડતી હોય તેના સંદર્ભે ૧૯૯૯૯/- ની જ મર્યાદા લાગુ પડશે. આ બાબતે ૧,૯૯,૯૯૯/- ની મર્યાદા લાગુ પડશે નહીં.

સરકાર, બેન્ક, પોસ્ટ ઓફિસ સેવિંગ બેન્ક, કો.ઓપરેટિવ બેન્કને આ મર્યાદા લાગુ ના પડે

ઉપરોક્ત ૧૯૯૯૯૯/- ની રોકડ સ્વીકારવાની મર્યાદા એ સરકારને, બેન્ક, પોસ્ટ ઓફિસ સેવિંગ બેન્ક, કો-ઓપરેટિવ બેન્કને લાગુ પડતી નથી.

**(તા. ૦૯.૧૦.૨૦૨૩ ના રોજ એક ક્ષતિ રહી ગઈ છે જેની નોંધ લેવા વાંચક વર્ગને અનુરોધ છે. લોન, ડિપોઝિટ કે અન્ય રકમની ૨૦૦૦૦/- કે તેથી વધુ રકમની ચુકવણી રોકડમાં કરી શકાય નહીં. આ અંગેની મર્યાદા ઈન્કમ ટેક્સ કાયદાની કલમ 269Tમાં આપેલ છે. શરતચૂકથી લેખમાં આ કલમ 269SS છપાયેલ છે.)**

**(આ લેખ જાણીતા ગુજરાતી દૈનિક ફૂલછાબની વ્યાપારભૂમિ પૂર્તિમાં તા. ૧૬.૧૦.૨૦૨૩ ના રોજ પ્રકાશિત થયેલ છે)**

# Time limit for applying refund under GST.......

**(...Contnue from page-4)**

**Analysis and Comments**

The aforesaid ruling in case of M/s Lenovo (India) Pvt Ltd has opened floodgates for many exporters who were not able to file refund application due to lapse of the time limit of 2 years prescribed by the statute.

However, it is pertinent to note that the said ruling does not provide a blanket concession intended by the Hon'ble Court as the words used are "in appropriate cases" at para 15.7 of the judgement. The tax payers may take benefit of this in genuine cases only. Further, the observations made at para 15.5 and para 15.6 of the judgement based on CBDT circular are very useful to the assessee - the officers should be prompt in giving due refund as much as they are in collecting tax.

One aspect which seeks interpretation and the basis behind which the Hon'ble Court had passed such ruling, which in my respectful opinion, is the use of the word "may" is made because claiming of refund is an option available to the assessee and not a mandate. Therefore, using the words "shall" may have been considered inappropriate at the time of drafting of the statute. However, the Hon'ble Madras High Court has linked the word "may" to the time limit for filing refund application. In view of this, the Government may be forced to consider amending the refund provisions to the extent of making it amply clear that if a registered person wants to file a refund application, such application shall be filed within a period of 2 years from the relevant date only and no such refund application shall be filed after the expiry of 2 years from the relevant date.

Another possible scenario which may arise is that the Department may prefer an appeal before the Hon'ble Supreme Court against the said Madras High Court ruling and the Hon'ble Supreme Court may very likely grant stay of the said Ruling or otherwise as in particular facts of the present case of M/s Lenovo (India) Pvt Ltd, it was the fault of the Department in granting refund.

Only time will tell the ultimate fate of the final outcome before the Hon'ble Supreme Court and whether the assessee – M/s Lenovo (India) Pvt Ltd shall be granted refund in their particular case. The real question which is prejudicial to the Department is the interpretation of the time limit as prescribed under Section 54 of the CGST Act and that whether the same is directory and not mandatory or otherwise.

The views prescribed hereinabove are strictly based on the author's own interpretation of the legal provisions and their implications and do not have any legal impact.

**(Author is a well known lawyer precising at Ahmedabad in Gujarat High Court and Litigation matters including that of Tribunal)**

# સવાલ આપના જવાબ 'ટેક્સ ટુડે' એક્સપર્ટના

11.11..2023

Goods & Services Tax

**ટેક્સ ટુડે એક્સપર્ટઃ**
**CA મોનીષ શાહ, અમદાવાદ**
**એડવોકેટ લલિત ગણાત્રા, જેતપુર**
**CA દિવ્યેશ સોઢા, પોરબંદર**
**એડવોકેટ ભવ્ય પોપટ**




**અમારા અસીલ ઉત્પાદક છે. તેઓ દ્વારા પોતાની ફેક્ટરી ઉપર સોલર સિસ્ટમ ફિટ કરાવેલ છે. આ સોલર સિસ્ટમ દ્વારા અમારા અસીલ તેઓની વીજળીની જરૂરિયાત પૂરી કરે છે. અમારો માલ કરપાત્ર જ છે. CGST ડિપાર્ટમેંટ દ્વારા ઓડિટ દરમ્યાન એવો મુદ્દો લેવામાં આવ્યો છે કે આપના અસીલ ઇલેક્ટ્રીક ડિપાર્ટમેંટને ઇલેક્ટ્રિસિટી સપ્લાય કરે છે. ઇલેક્ટ્રીકસિટી એ જી.એસ.ટી. હેઠળ કરપાત્ર ના હોય સોલર સિસ્ટમની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ જી.એસ.ટી. કાયદાની કલામ ૧૭(૫) હેઠળ મળી શકે નહીં. આ બાબતે માર્ગદર્શન આપવા વિનંતી. – જીતેશ કાપડિયા, ટેક્સ કન્સલ્ટન્ટ, જેતપુર**

જવાબઃ સોલર દ્વારા ઉત્પાદન કરવામાં આવેલ વીજળી એ વેચાણ સ્વરૂપે વીજ કંપનીઓને આપવામાં આવતી નથી પરંતુ વીજ કંપનીના બિલના ચુકવણી સ્વરૂપે મજરે આપવામાં આવે છે. આમ, ઇલેક્ટ્રીક યુનિટનું વેચાણ થતું ના હોય ૧૭(૫) બાધ આવે નહીં તેવો અમારો મત છે. આ બાબતે આપણે AAR કર્નાટકનો KLF નિર્મલ ઇન્ડસ્ટ્રીઝ (પ્રા.) લી.નો AARનો ચુકાદો ઉપયોગી બની શકે છે.

**ડોક્ટર દ્વારા પૂરી પાડવામાં આવતી મેડિકલ સર્વિસ જેવી કે OPD તથા ઇંડોર પેશન્ટ ટ્રીટમેંટ, લેબોરેટરીની સેવા ઉપર જી.એસ.ટી. લાગુ પડે? – જીતેશ કાપડિયા, ટેક્સ કન્સલ્ટન્ટ, જેતપુર**

જવાબઃ ના, ડોક્ટર દ્વારા પૂરી પાડવામાં આવતી મેડિકલ સર્વિસ જેવી કે OPD તથા ઇંડોર પેશન્ટ ટ્રીટમેંટ, લેબોરેટરીની સેવા જી.એસ.ટી. રેઈટ નોટિફિકેશન ૧૨/૨૦૧૭, તા. ૨૮.૦૬.૨૦૧૭ની એન્ટ્રી ૭૪ મુજબ "Nil" રેટેડ ગણાઈ.

**અમારા અસીલ જી.એસ.ટી. હેઠળ રજિસ્ટર્ડ GTA છે અને RCM લેખે વેરો ભારે છે. તેઓના એક ગ્રાહક જેઓ URP છે તેઓએ એક કોન્ટ્રાક્ટ મેળવેલ છે. કોન્ટ્રાક્ટ મેળવનાર અમારા અસીલના ગ્રાહક છે જેઓ URP છે પરતું આ URP ગ્રાહકને કોન્ટ્રાક્ટ આપનાર જી.એસ.ટી. હેઠળ નોંધાયેલ છે. આવા સંજોગોમાં શું અમારા અસીલ કે જેઓ GTA છે તેઓની કોઈ વેરો ભરવાની જવાબદારી આવે? – ધ્રુવી શાહ, અમદાવાદ**

જવાબઃ આપના અસીલ જે URPને સેવા પૂરી પાડે છે અને આપના અસીલ કે જેઓ GTA છે તેઓ URP ટ્રાન્સપોર્ટરને બિલ આપે છે તેવા વ્યવહાર પર જી.એસ.ટી. લાગુ પડે નહીં તેવો અમારો મત છે.

## Goods & Services Tax

**અમારા અસીલ કરપાત્ર તથા કરમુક્ત બંને વસ્તુનું ઉત્પાદન તથા ખરીદ વેચાણ પણ કરે છે. આ પ્રક્રિયામાં અમુક કરપાત્ર વસ્તુ કરમુક્ત વસ્તુના ઉત્પાદનમાં પણ વપરાઇ છે. જી.એસ.ટી. નિયમોના નિયમ ૪૨ હેઠળ આ ક્રેડિટને ક્યાં ફોર્મ્યુલા દ્વારા રિવર્સ કરવાની રહે? – મેહુલ જોશી, ટેક્સ કન્સલ્ટન્ટ, શિહોર**

જવાબઃ નિયમ ૪૨ હેઠળ કરપાત્ર તથા કરમુક્ત ચીજ વસ્તુ બાબતે સામાન્ય રીતે સ પ્રમાણ હિસાબ કરવાનો રહે છે. આ અંગે ફોર્મ્યુલા દર્શાવતો એક કૌષ્ટક નીચે આપેલ છે. આશા રાખીએ છીએ કે આપને ઉપયોગી બને.

| Particulars | | IGST | CGST | SGST | Total |
|---|---|---|---|---|---|
| Total Input Tax on Inputs and Input Services | T | 0 | 0 | 0 | 0 |
| Input tax Credits which are exclusively used for purpose other than business (RCM) | T1 | - | - | - | - |
| Input tax Credits which are exclusively used for effecting exempt Supplies | T2 | - | - | - | - |
| Credit not available as per section 17(5) | T3 | - | - | - | - |
| Net Credit Available | C1 | - | - | - | - |
| Input tax Credits which are exclusively used for effecting Taxable supplies including Zero Rated Supplies (B2B specific) | T4 | - | - | - | - |
| COMMON CREDIT C2 | C2 | - | - | - | - |
| E= aggregate value of Exempt supplies during the tax period | E | - | - | - | - |
| F=total turnover in the State of the registered person during the tax period | F | - | - | - | - |
| ITC related to exempt supplies i.e. Ineligible ITC D1= (E•F) # C2 | D1 | | | | |
| Credit of common inputs and input services are used partly for business and partly for non-business purposes C2 | D2 | - | - | - | - |
| CREDIT AVIALABLE C3 = C2 - (D1+D2) | C3 | | | | |
| Total Reversal of ITC | | | | | |

**અમારા અસીલ જનરલ ઈન્સ્યોરન્સ એજન્ટ છે. તેઓ દ્વારા જી.એસ.ટી. નંબર લેવામાં આવ્યો છે. કાયદાકીય રીતે ઈન્સ્યોરન્સ કંપની દ્વારા ઈન્સ્યોરન્સ કમિશન ઉપર RCM ભરવાનો થાય? જો હા, તો અમારા અસિલે તેમના રિટર્નમાં કેવી રીતે આ બતાવવાનું રહે? – જિગર પી. વોરા, એડ્વોકેટ રાજકોટ**

જવાબઃ હા, જી.એસ.ટી. કાયદાની કલમ ૯(૩) સાથે CGST રેઈટ નોટિફિકેશન ૧૩/૨૦૧૭, તા ૨૮.૦૬.૨૦૧૭ની એન્ટ્રી ૭ને વાંચતાં કમિશન એજન્ટની સર્વિસ ઉપર ઈન્સ્યોરન્સ કંપની દ્વારા RCM પ્રમાણે વેરો ભરવાનો રહે. આપના અસિલે પોતાના GSTR-1માં B2Bમાં દર્શાવી RCM ઓપ્શન Yes કરી ભરવાનો રહે તેવો અમારો મત છે. GSTR 3B માં ટેકસેબલમાં રકમ દર્શાવી ટેક્સની રકમ ''નીલ'' રાખવાનો વિકલ્પ છે અથવા ''Nil રેટેડ'' માં દર્શાવવાનો વિકલ્પ પણ રહેલ છે.

28.10.2023

Goods & Services Tax

**ફક્ત જી.એસ.ટી. હેઠળ સ્ટોક ટ્રાન્સફર ગણાય તેવા વ્યવહારની ધંધાકીય ચોપડામાં શું એન્ટ્રી આવે? શું આ પ્રકારના સ્ટોક ટ્રાન્સફરના વ્યવહારમાં પેમેન્ટ કરવું ફરજિયાત ગણાય? – ભાવિક જડવાની, ટેક્સ કન્સલ્ટન્ટ**

જવાબઃ જી.એસ.ટી. હેઠળ ડિસટીન્કટ પર્સન હોય તેવા કરદાતા વચ્ચે કરવામાં આવતા સ્ટોક ટ્રાન્સફરની ધંધાકીય ચોપડમાં કોઈ નાણાકીય એન્ટ્રી એન્ટ્રી કરવાની રહે નહીં પરંતુ માત્ર ''જર્નલ'' દ્વારા સ્ટોક ટ્રાન્સફર કરવાનો રહે તેવો અમારો મત છે. જી.એસ.ટી. નિયમોના નિયમ ૩૭ મુજબ આવા વ્યવહારમાં પેમેન્ટ ટ્રાન્સફર કરવાની કોઈ જરૂરત રહેતી નથી અને આમ છતાં તેઓને ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળી રહે છે તેવો અમારો મત છે.

**અમારા અસીલ ગુજરાત રાજ્યમાં જી.એસ.ટી. નંબર ધરાવે છે. તેઓ ગુજરાત તેમજ ગુજરાત બહાર ધંધાના કામ અર્થે ટ્રાવેલ કરતાં હોય છે. આ દરમ્યાન તેઓ જે હોટેલમાં રહે તે હોટેલમાં લાગુ થયેલ જી.એસ.ટી. ની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ તેઓને મળે? – ધર્મેશ પરમાર, ટેક્સ કન્સલ્ટન્ટ, જુનાગઢ**

જવાબઃ આપના અસીલ કે જેઓ ગુજરાતમાં નોંધણી ધરાવે છે તેઓ ધંધાના કામ અર્થે ગુજરાતની કોઈ હોટેલમાં રોકાણ કરે અને હોટેલ જે જી.એસ.ટી. લગાવે તેની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ આપના અસીલને મળવાપાત્ર છે. પરંતુ ગુજરાત બહાર જ્યારે તેઓ કોઈ હોટેલમાં રહે ત્યારે પ્લેસ ઓફ સપ્લાય એ જે તે રાજ્ય ગણાય અને આપના અસીલને આ ક્રેડિટ મળવા પાત્ર નથી તેવો મારો મત છે.

## Income Tax

**અમારા અસીલ ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ 12Aની પરવાનગી ધરાવતું શૈક્ષણિક ટ્રસ્ટ છે. નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨માં ફોર્મ 10b ભરવામાં ચૂક થયેલ હતી. તેઓ ઉપર હાલ ડિમાન્ડ ઊભી થયેલ છે. આ બાબતે શું વિકલ્પ રહે?**

જવાબઃ આપના અસીલ પાસે હવે અપીલ કરવાનો જ વિકલ્પ રહે છે. CIT vs. Xavier (P) લી કેળવણી મંડળના કેસમાં માનનીય ગુજરાત હાઈકોર્ટ દ્વારા ઠરાવવામાં આવ્યું હતું કે ફોર્મ 10b આકારણી અધિકારી સમક્ષ કે અપીલ અધિકારી સમક્ષ પણ રજૂ કરવામાં આવ્યું હોય તો પણ એ ઈન્કમ ટેક્સ કાયદાની કલમ 12(A)(1)(b)નું પાલન થયેલ ગણાય. આ ચુકાદો આપને ઉપયોગી થઈ શકે છે.

### –:: ખાસ નોંધ ::–

૧. જી.એસ.ટી. ની જોગવાઈઓની ગંભીરતા સમજી તમામ કરદાતાઓએ ટેક્સ પ્રોફેશનલ્સની સેવા લેવી ખૂબ જરૂરી છે. એકાઉન્ટન્ટ મિત્રોને પણ ખાસ વિનંતી કે પોતે એકાઉન્ટન્ટની કામગીરી સારી રીતે બજાવતા હોય તે બાબત ખૂબ સારી કહેવાય પરંતુ ટેક્સ રિટર્ન ભરવા, ટેક્સ આકારણીમાં ઉપસ્થિત થવા, નોંધણી મેળવવા વગેરે જેવી કામગીરી જે તે કાયદાના નિષ્ણાંત પાસે કરવો તેવો ખાસ આગ્રહ કરવામાં આવે છે જેથી ભવિષ્યમાં કરદાતાને મોટી મુશ્કેલી પડે નહીં.

૨. જી.એસ.ટી. અંગે ના દર વિષે અભિપ્રાય આપવો ખૂબ મુશ્કેલ ગણાઈ. કારણકે જી.એસ.ટી. હેઠળ માલ તથા સેવા નો દર ઘણા પરિબળો પર નિર્ભર કરતો હોય છે. વેરા ના દર અંગે ના અભિપ્રાય માત્ર સામાન્ય સંજોગો મુજબ આપવામાં આવેલ છે. આ અંગે આપ એડ્વાન્સ રૂલિંગ દ્વારા ચોક્કસ દર જાણી શકો છો.

૩. અમારા એક્સપર્ટ ટેક્સ ટુડે ને આ સેવા વાચકો ના લાભાર્થે આપે છે. તમામ વાચકો ને વિનંતી કે પોતાના પ્રશ્નો ટેક્સ ટુડે ને નીચે આપેલ ઇ મેઈલ પર મોકલે. કોઈ પણ સંજોગો માં વાચકો ને વિનંતી કે એક્સપર્ટ્સ નો સીધો સંપર્ક બિનવ્યવસાયી રીતે ના કરવો.

આ કૉલમ અંતર્ગત આપના પ્રશ્નો પૂછવા આપ અમને taxtodayuna@gmail.com પર ઇ-મેઈલ કરી શકો છો. આપના પ્રશ્નોના જવાબ શક્ય એટલા જલ્દી લેવા પ્રયાસ કરવામાં આવશે.

ડિસ્ક્લેમર આ કૉલમ 'ટેક્સ ટુડે'ના એક્સપર્ટ દ્વારા શક્ય તમામ કાળજી રાખી કાયદાના પોતાના અભિપ્રાય ઉપર આપવામાં આવેલ છે. છતાં આ અભિપ્રાય તેઓના અંગત અભિપ્રાય છે. કોઈ કેસમાં તેનો ઉપયોગ કરવો કે ના કરવો તે વાચકો ના અંગત મંતવ્યો ઉપર આધારિત છે.

# Time limit for applying refund under GST is directory and not mandatory–A new twist under the GST regime

**-By Hirak R. Shah, Advocate Gujarat High Court**

It has been almost six and a half years (6.5 years) but the Goods and Services Tax regime never fails to amaze tax payers and businesses across the country. In recent times where businesses across the country have found themselves inundated with Show Cause Notices (SCN) from GST Authorities due to a sudden surge in issuance of Notifications and clarifications, timely issuance of GST refund remains an everlasting issue for which businesses and exporters constantly pray.

The present articles delves into the relevant legal provisions of refund under the Central Goods and Services Tax Act and a recent ruling of Hon'ble Madras High Court which held that the timelimit for applying refund under Section 54 is directory and not mandatory.

Relevant Legal Provisions of the Central Goods and Services Tax Act, 2017

The relevant legal provisions for in-depth analyzing the refund provision is as under:


**Section 54: Refund of Tax**

(1) Any person claiming refund of any tax and interest, if any, paid on such tax or any other amount paid by him, may make an application before the expiry of two years from the relevant date in such form and manner as may be prescribed:

Provided that a registered person, claiming refund of any balance in the electronic cash ledger in accordance with the provisions of sub-section (6) of section 49, may claim such refund in the return furnished under section 39 in such manner as may be prescribed.

**Relevant discussion and way forwards**

Recently the Hon'ble Madras High Court in the case of M/s Lenovo (India) Pvt Ltd vs Joint Commissioner of GST (Appeals-1) & Others vide judgement dated 06.11.2023 [W.P.Nos.23604, 23605 and 23607 of 2022] held that the time limit prescribed under section 54 of the CGST Act is directory and not mandatory.




**Extract of the relevant paragraphs from the Judgement are as follows:**

"15.7 Thus, a reading of the Section 54 (1) of CGST Act would make it clear that the assessee can make the application within two years. The terms used in said Section "may make application before two years from the relevant date in such form and manner as may be prescribed", which means that the assessee may make application within two years and it is not mandatory that the application has to be made within two years and in appropriate cases, refund application can be made even beyond two years. The time limit fixed under Section 54 (1) is directory in nature and it is not mandatory. Therefore, even if the application is filed beyond the period of two years, the legitimate claim of refund by the assessee cannot be denied in appropriate cases.

15.8 In the present case, the application was filed within two years and therefore, the question of making claim after two years does not arise even assuming AO made endorsement after two years, the same would in no way debar the claim as barred by limitation. Further, even Rule 90 (3) of CGST Act permits to make fresh application, which means that in appropriate cases, the Officer concerned can permit the refund application even beyond the period of limitation. Therefore, I do not find any substance in the submission made by the learned Senior Standing Counsel for the respondent and both respondents have miserably failed to consider the said aspect while passing the impugned orders and hence, the same are liable to be set aside. Hence, this Court holds that when the petitioner has filed application, which is within a period of limitation, viz. 2 years as stipulated under Section 54(1) of the CGST Act, the delay in filing the supporting document at the time of filing of reply/ personal hearing would only extend the time limit to pass an order under Section 54 (7) of the CGST Act and non-submission of documents at the time of filing application for refund cannot be deemed to have filed with a delay, since there had been a delay in obtaining the endorsement owing to Covid-19, the petitioner could not produce the same at the time of filing application, however, produced the same at the time of personal hearing."

(Contnue on Page-3...)




◆ Year: 8, ◆ Issue No.1, ◆ Continue Issue No.85, ◆ Date: 19/11/2023, Saturday, ◆ Page-4, ◆ Retail Price: 20/-, ◆ Annual Subscription Rs.200/- ◆ Owned & Published by: Bhavya Dipakbhai Popat,
◆ Published at: 202-203, Dhruv Complex, Opp. Police Quaters, Una, Dist. Gir Somnath. ◆ Editor: Bhavya Dipakbhai Popat ◆ Printed at : Prathamesh Offset, Gondra Chowk. Una.